# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 05-10-2023** **Midday : 1.20 to 1.30**
**Day : Thursday** **National News**

## આકાશવાણી સમાચાર **યશવી મહેતા** વાંચે છે.

- પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે રાજસ્થાનમાં વિવિધ ક્ષેત્રમાં આશરે પાંચ હજાર કરોડ રૂપિયાની અનેક વિકાસ યોજનાઓનો શિલાન્યાસ અને ઉદ્ઘાટન કર્યું છે.
- પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે મધ્યપ્રદેશના જબલપુરમાં વિવિધ ક્ષેત્રના 12 હજાર 600 કરોડ રૂપિયાના વિકાસકામોનું લોકાર્પણ અને શિલાન્યાસ કરશે.
- સંરક્ષણમંત્રી રાજનાથ સિંહે ગઈકાલે નૌકાદળના અપડેટેડ સ્વદેશી કાર્યક્રમ - સ્વાવલંબનના બીજા તબક્કાનો પ્રારંભ કરાવ્યો છે.
- સિક્કિમમાં તિસ્તા નદીમાં પૂરની પરિસ્થિતિ સર્જાઇ છે. - અત્યાર સુધી 14 લોકોના મૃત્યુ થયા છે અને સેનાનાં જવાન સહિત 100 થી વધુ લોકો ગુમ થયાના અહેવાલ છે.
- ગુજરાતના અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે ICC વિશ્વ કપનો આજથી આરંભ થશે - પહેલી મેચ ન્યુઝીલેન્ડ અને ઈંગ્લેન્ડ વચ્ચે રમાશે.
- ચીનમાં હાંગઝોઉ ખાતે રમાઈ રહેલ એશિયાઈ રમતોત્સવમાં ભારતે અત્યારસુધીમાં 19 સુવર્ણ, 31 રજત અને 32 કાંસ્ય ચંદ્રક સહિત કુલ 82 ચંદ્રક મેળવ્યા છે.

*************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# PM RAJASTHAN

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે રાજસ્થાનના જોધપુરમાં રોડ, રેલવે, ઉડ્ડયન,આરોગ્ય અને ઉચ્ચ શિક્ષણ જેવા ક્ષેત્રોમાં આશરે પાંચ હજાર કરોડ રૂપિયાની અનેક વિકાસ યોજનાઓનો શિલાન્યાસ અને ઉદ્ઘાટન કર્યું છે. તેમણે જોધપુર એઈમ્સમાં 350 પથારીના ટ્રોમા સેન્ટર અને સાત ક્રિટિકલ કેર હોસ્પિટલ બ્લોકનો શિલાન્યાસ કર્યો. પ્રધાનમંત્રીએ એક હજાર 135 કરોડ રૂપિયાથી વધુના ખર્ચે બનેલ IIT જોધપુરનું અત્યાધુનિક કેમ્પસ પણ રાષ્ટ્રને સમર્પિત કર્યું.

પ્રધાનમંત્રીએ જોધપુરમાં જાહેરસભામાં સંબોધન કરતાં જણાવ્યું હતું કે, કેન્દ્ર સરકાર રાજસ્થાનમાં રેલવે, માર્ગ અને માળખાકીય સુવિધાઓના વિકાસની સાથે દરેક ક્ષેત્રમાં વિકાસ ઝડપી બને તે માટે કામગીરી કરી રહી છે. રાજસ્થાન ઉચ્ચ શિક્ષણનું કેન્દ્ર બને તે માટે ભાજપ સરકાર પ્રતિબધ્ધ છે અને આ માટે સતત પ્રયાસ કરી રહી છે. કેન્દ્રની એનડીએ સરકારે વાઈબ્રન્ટ ગ્રામ યોજના અમલમાં મૂકી છે. જેનાથી ગામડાઓનો સર્વાંગી વિકાસ થયો છે.

આકાશવાણી જોધપુરના સંવાદદાતા જણાવે છે કે પ્રધાનમંત્રી જોધપુર હવાઈમથક પર 480 કરોડ રૂપિયાના ખર્ચે તૈયાર થનારા અત્યાધુનિક નવા ટર્મિનલ બિલ્ડિંગનો અને અંદાજે એક હજાર 475 કરોડના ખર્ચે અનેક રોડ ડેવલપમેન્ટ પ્રોજેક્ટનો શિલાન્યાસ કર્યો છે.

## PM-MADHYA-PRADESH

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે મધ્યપ્રદેશના જબલપુરમાં વિવિધ ક્ષેત્રના 12 હજાર 600 કરોડ રૂપિયાના વિકાસકામોનું લોકાર્પણ અને શિલાન્યાસ કરશે. તેઓ ઇન્દોરમાં પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ 128 કરોડ રૂપિયાના ખર્ચના લાઇટ હાઉસ પ્રોજેક્ટનું ઉદઘાટન કરશે. આ યોજનાનો લાભ એક હજારથી વધુ પરિવારોને મળશે.

એવી જ રીતે, તેઓ જબલપુર અને દીંડોરી જીલ્લામાં બે હજાર 350 કરોડ રૂપિયાના ખર્ચે જલજીવન મિશન પ્રોજેક્ટ હેઠળના વિવિધ પાણી યોજનાઓનો શિલાન્યાસ કરશે. શ્રી મોદી મધ્યપ્રદેશમાં 4 હજાર 800 કરોડ રૂપિયાના ખર્ચે બંધાયેલા અને બંધાનાર માર્ગ વિકાસ કામોનો શિલાન્યાસ અને લોકાર્પણ કરશે. આ ઉપરાંત તેઓ એક હજાર 850 કરોડ રૂપિયાના ખર્ચના રેલ્વે પ્રોજેક્ટોનું લોકાર્પણ કરશે.

## Rajnath Sinh - Navy

સંરક્ષણમંત્રી રાજનાથ સિંહે ગઈકાલે નૌકાદળના અપડેટેડ સ્વદેશી કાર્યક્રમ - સ્વાવલંબનના બીજા તબક્કાનો પ્રારંભ કર્યો હતો.

નવી દિલ્હીમાં ભારતીય નૌકાદળના નેવલ ઈનોવેશન એન્ડ ઈન્ડિજનાઈઝેશન ઓર્ગેનાઈઝેશનના સેમિનાર 'સ્વાવલંબન'માં બોલતા તેમણે કહ્યું કે સરકાર સંરક્ષણ ક્ષેત્રે ભારતને આત્મનિર્ભર બનાવવા માટે તમામ શક્ય પ્રયાસો કરી રહી છે. તેમણે કહ્યું કે સરકારની નીતિઓને કારણે ભારત હવે સંશોધન અને વિકાસમાં મિશન મોડમાં આગળ વધી રહ્યું છે.

# REV.-SIKKIM-FLOOD-UPDATE.rtf

સિક્કિમના મંગનમાં લહોનક સરોવર પર ગઇકાલે વાદળ ફાટવાથી લાચેન ખીણમાં તિસ્તા નદીમાં પૂરની પરિસ્થિતિ સર્જાઇ છે. ત્યારે અત્યાર સુધી 14 લોકોના મૃત્યુ થયા છે તો સેનાનાં જવાન સહિત 100 થી વધુ લોકો ગુમ થયાના અહેવાલ છે. તો આ આપતિ થી 22 હજારથી વધુ લોકો અસરગ્રસ્ત થયા છે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ સિક્કિમના મુખ્યમંત્રી પ્રેમસિંહ તમાંગ સાથે વાતચીત કરીને સંપૂર્ણ પરિસ્થિતની માહિતી મેળવી હતી. અને કેન્દ્ર સરકાર વતી શક્ય તેટલી તમામ સહાય આપવાની ખાતરી આપી છે. ઉલ્લેખનીય છે કે રાષ્ટ્રીય આપતિ વ્યવસ્થાપન દળ, આર્મી અને એરફોર્સના જવાનોની ત્રણ ટીમો રાજ્ય સરકારને રાહત અને બચાવ કામગીરીમાં મદદ કરી રહી છે.

# ICC WORLDCUP-AHMEDABAD

ગુજરાતના અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે ICC વિશ્વ કપનો આજથી આરંભ થઈ રહ્યો છે. આજે પહેલી મેચ ન્યુઝીલેન્ડ અને ઈંગ્લેન્ડ વચ્ચે રમાશે. દરમિયાન અમદાવાદના મોટેરા વિસ્તારના નરેન્દ્ર મોદી સ્ટેડિયમ સહિત અન્ય વિસ્તારોમાં સાડા ત્રણ હજારથી વધુ પોલીસ કર્મચારીઓ તૈનાત કરવામાં આવ્યા છે. અમદાવાદના અમારા પ્રતિનિધિ અપર્ણા ખૂંટ જણાવે છે કે અમદાવાદ ખાતે 14 ઓક્ટોબરે ભારત-પાકિસ્તાનની રસાકરીભરી મેચ રમાશે. મેચ જોવા માટે આવનારા દર્શકોની વિશાળ સંખ્યાને ધ્યાનમાં રાખીને સ્ટેડિયમના મુખ્ય સ્થળો પરક્વિક

રિસ્પોન્સ ટીમ્સ (QRT) અને બોમ્બ ડિટેક્શન એન્ડ ડિસ્પોઝલ ટીમ (BDDS) સહિતની વ્યાપક સુરક્ષા વ્યવસ્થા કરવામાં આવી છે.

આ ઉપરાંત એસોસિએશ દ્વારા કેન્સર પીડિત 20 ક્રિકેટ ચાહકો અને તેમની સાથે આવેલા ડોક્ટર માટે મેચ જોવા માટે ખાસ વ્યવસ્થા કરી છે. દરમ્યાન અમદાવાદ મેટ્રો રેલ સેવાનો સમય પણ મેચના દિવસોમાં રાત્રે ત્રણ કલાક વધારવામાં આવ્યો છે..

# ASIAN GAMES - 2023

ચીનમાં હાંગઝોઉ ખાતે રમાઈ રહેલ એશિયાઈ રમતોત્સવમાં ભારતે અત્યારસુધીમાં 19 સુવર્ણ, 31 રજત અને 32 કાંસ્ય ચંદ્રક સહિત કુલ 82 ચંદ્રક મેળવ્યા છે. એશિયાઈ રમતોત્સવમાં ભારતનું અત્યારસુધીનું સર્વશ્રેષ્ઠ પ્રદર્શન છે. આજે તીરંદાજીમાં, ભારતીય ખેલાડીઓ જ્યોતિ સુરેખા, પરનીત અને અદિતિની ટુકડીએ મહિલાઓની કમ્પાઉન્ડ સ્પર્ધામાં ચાઈનીઝ તાઈપેઈને હરાવીને સુવર્ણ ચંદ્રક મેળવ્યો હતો. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ મહિલા તીરંદાજીની કમ્પાઉન્ડ સ્પર્ધામાં સુવર્ણ ચંદ્રક જીતવા બદલ મહિલા તીરંદાજોને અભિનંદન પાઠવ્યા છે. એક સોશિયલ મીડિયા સંદેશમાં, શ્રી મોદીએ જણાવ્યું હતું કે, જ્યોતિ સુરેખા વેન્નમ, પરનીત કૌર અને અદિતિ ગોપીચંદના પ્રદર્શન, ધ્યાન અને સમર્પણથી દેશને ગર્વ થયો છે. તેણે કહ્યું, આ જીત તેમની અસાધારણ કુશળતા અને ટીમ વર્કનો પુરાવો છે. ભારતીય કુસ્તીબાજ પૂજા ગેહલોત, 50 કિલોગ્રામની સેમિફાઇનલમાં કેનેડાની

કુસ્તીબાજ સામે હારી જતાં હવે તે કાંસ્ય ચંદ્રક મેચ રમશે, જ્યારે માનસીએ 57 કિલોગ્રામ શ્રેણીમાં રિપબ્લિક ઓફ કોરિયાની બાર્ક જિયોન્ગે સામે વિજય મેળવ્યો હતો. દીપિકા પલ્લીકલ અને હરિન્દર પાલ સિંહની જોડી મિક્સ ડબલ્સની ફાઇનલમાં રમશે, જ્યારે સૌરવ ઘોસાલ આજે બપોરે મેન્સ સિંગલ્સમાં રમશે. મહિલા હોકી ટીમ આજે બપોરે સેમિફાઇનલમાં ચીન સાથે ટકરાશે.

# FUR.-REV.-CHHATTISGARH-ANURAG-SINGH-THAKUR

કેન્દ્રિય યુવા બાબતોના મંત્રી અનુરાગસિંહ ઠાકુરે છત્તીસગઢના રાયપુરમાં રાજયસ્તરીય યુવક મહોત્સવનો આજે પ્રારંભ કરાવ્યો છે.

તેમણે કહ્યું કે, યુવાઓના યોગદાનના પરિણામે જ ભારત આગામી 2047 સુધીમાં વિકસિત રાષ્ટ્ર બની શકશે. શ્રી ઠાકુરે કહ્યું કે, ચીનમાં ચાલી રહેલા એશિયાઇ રમતોમાં દેશના ખેલાડીઓ ખાસ કરીને એથ્લેટોએ દેશનું ગૌરવ વધે એવી કામગીરી કરી છે. રાયપુરમાં આજથી શરૂ થયેલ યુવક મહોત્સવ આજે અને આવતીકાલે યોજાશે.

# NATIONAL DOLPHIN DAY

આજે રાષ્ટ્રીય ડોલ્ફિન દિવસની ઉજવણી કરવામાં આવી રહી છે. રાષ્ટ્રીય જળચર પ્રાણી ગંગા ડોલ્ફીનના સંરક્ષણ અંગે જાગૃતિ ફેલાવવા માટે દર વર્ષે 5 ઓક્ટોબરે રાષ્ટ્રીય ડોલ્ફિન દિવસ ઉજવવામાં આવે છે.

આ ડોલ્ફિન નેપાળ, ભારત અને બાંગ્લાદેશમાં ગંગા, બ્રહ્મપુત્રા, મેઘના અને કર્ણફૂલી-સાંગુ નદીઓમાં જોવા મળે છે. વન્યજીવ નિષ્ણાતો, પ્રાણી પ્રેમીઓ અને પર્યાવરણ નિષ્ણાંતોની રજૂઆતને પગલે રાષ્ટ્રીય વન્યજીવન બોર્ડે 2022 થી રાષ્ટ્રીય ડોલ્ફિન દિવસની ઉજવણી કરવાનું શરૂ કર્યું હતું.

# KARNATAKA-CENTRAL TEAM VISIT

કેન્દ્રની ત્રણ ટીમ કર્ણાટકના દુષ્કાળગ્રસ્ત વિસ્તારોની પરિસ્થિતિની માહીતી મેળવવા આજથી કર્ણાટકની મૂલાકાતે જશે.

કેન્દ્રિય કૃષિમંત્રાલયના સચિવ, કેન્દ્રિય જળમંત્રાલયના સલાહકાર અને કેન્દ્રિય જળપંચના નિયામકના વડપણ હેઠળની આ ત્રણ ટીમ બેલગાવી, બાગલકોટ સહિત 13 જીલ્લાઓમાં ગ્રામીણ વિસ્તારોની મુલાકાત લેશે. આ ટીમ આવતા સોમવારે કર્ણાટક સરકારના વરિષ્ઠ અધિકારીઓ સાથે ચર્ચા વિચારણા કરશે.

દરમ્યાન, કર્ણાટકના મહેસૂલ મંત્રી કૃષ્ણા બાયરે ગૌડાએ પત્રકારોને જણાવ્યું હતું કે, રાજયના 42 લાખ હેકટર વિસ્તારમાં દુકાળના લીધે પાકને નુકસાન થયું છે.